લંડન શહેર જાગી ચૂક્યું હતું. ટ્રામ, બસ, ટ્યૂબ રેલવે ધમધમાવીને પોતપોતાની દિશામાં દોડી રહ્યાં હતાં. એક છોકરી ચૂપચાપ લેસ્ટર સ્ક્વેરમાં ચાલતી-ચાલતી જઈ રહી હતી. કથ્થાઈ રંગની સાડી સાથે આછા કથ્થાઈ રંગનો બ્લાઉઝ, મોટો ચાંલ્લો અને ખભા સુધીના એક સરખા સીધા કાપેલા વાળ પરથી એ છોકરી નખશિખ ભારતીય છે એવું સ્પષ્ટ દેખાઈ આવતું હતું.

એ છોકરીના ચહેરા પર એક અજબ પ્રકારની ઉદાસી હતી અને એની ચાલ જાણે ક્યાંય ન પહોંચવા માટે ચાલતી હોય એવી હતી!

એની મોટી-મોટી આંખો એ પરદેશી શહેરના રસ્તા પર કશુંક શોધી રહી હતી. આ વિસ્તાર લંડન શહેરનો એક ધબકતો બિઝી વિસ્તાર છે, એમાં પણ સાડા નવનો આ સમય તો જાણે આ વિસ્તારને ચકરાવે ચડાવનારો સમય છે. આ સમયે, આ વિસ્તારમાં કોઈ આટલું આરામથી બીજું કોઈ ચાલતું દેખાતું નહોતું. આસપાસના લોકોને જાણે ઘડિયાળના કાંટે બાંધીને સમય આગળ ધકેલતો હોય એમ કોઈક ઉતાવળથી, કોઈક ઝંખનાથી, કોઈક આશાથી, કોઈક ખેવનાથી ધકેલાતા જતા હતા. આ આખી ભીડમાં એકમાત્ર આ છોકરી એવી હતી કે જે નિરાંતે ડગલાં ભરતી આસપાસ જોતી જઈ રહી હતી. એની આસપાસથી પસાર થતા લોકો, 'એક્સક્યુઝ મી' કહીને એને સહેજ ખસેડીને આગળ નીકળી જતા હતા. બસ, ટ્રેન કે ટ્રામ પકડવા ઑફિસે પહોંચવાની ઉતાવળમાં દોડતા આ બધા લોકો આ છોકરીને સહેજ નવાઈથી જોતાં-જોતાં નીકળતા હતા.

એ વિસ્તારમાં કોઈનેય ધ્યાનથી કોઈની સામે જોવાનો સમય નહોતો, પણ જો કદાચ કોઈએ ધ્યાનથી જોયું હોત તો એને ખ્યાલ આવત કે એ છોકરીના

ચહેરા પર ઉદાસીનું એક વાદળ ઘેરાયેલું હતું. જાણે ડૂમો ભરાઈ ગયો હતો. કોઈ ઓળખીતું મળે તો રડું-રડું થઈ ગયેલી એ છોકરી આવડા મોટા શહેરમાં જાણે એકલીઅટૂલી પડી ગઈ હતી.

લેસ્ટર સ્કવેરના આ રસ્તા ઉપર નાની-નાની દુકાનો, ન્યૂઝ પેપરના સ્ટૉલ્સ, અને સેન્ડવિચ-બર્ગરના નાના-નાના જૉઇન્ટ્સ પસાર કરતી એ છોકરી ધીમે-ધીમે ચાલતી હતી. એના ચહેરાના હાવભાવ સતત બદલાતા હતા, ઘડીકમાં એના ચહેરા પર ચિંતાનાં વાદળો ઘેરાતાં તો બીજી જ પળે જાણે ગુનેગાર હોય એમ એનું મોઢું પડી જતું, થોડીક જ વારમાં આંખોમાં પાણી ધસી આવતાં તો વળી બે-ચાર ક્ષણમાં આંખો લૂછીને એ આજુબાજુ જોવા લાગતી. એના મનમાં વિચારોનું ઘમસાણ ચાલતું હતું અને એ પોતાની જાતને સંભાળી નહોતી શકતી એ બહુ જ સ્પષ્ટ રીતે જણાઈ આવતું હતું.

સફાઈથી પહેરેલી સાડી, મેગ્યાસ્લિવનો ખાસ્સો એવો લાંબો સાઇડસિલિટનો બ્લાઉઝ, ઓળેલા વાળ, આંખોમાં આંજણની પરત, મોટો ચાંલ્લો, સહેજ શ્યામ પણ ચળકતી ત્વચા, નમણું નાક અને મોટી કાળી આંખો જે મોટી-મોટી પાંપણોથી વારે-વારે ઢંકાઈ જતી હતી. એ છોકરીને જોનાર એના પરથી તરત નજર ખસેડી શકે એવો એનો ચહેરો નહોતો. પાતળો એકવડિયો દેહ અને બે હાથમાં સમાઈ જાય એવી કમ્મર ઉપર સાડી જાણે બેનમૂન ભારતીય શિલ્પ હોય એમ ગોઠવાયેલી હતી.

ઑફ વાઇટ સુતરાઉ સાડી ઉપર કથ્થાઈ રંગની વાર્લી પ્રિન્ટ છાપેલી હતી, નખશિખ ભારતીય એ છોકરીએ કાનમાં એક-એક મોતીના સરસ ટૉપ્સ પહેર્યાં હતાં. એ સિવાય એના શરીર પર કોઈ દાગીના નહોતા. સાવ આછા શણગાર સાથે ચહેરા પર બુદ્ધિપ્રતિભાની છાપ ધરાવતી એ છોકરીના હાથમાં એક-બે પુસ્તકો હતાં. જેને એણે છાતીસરસાં પકડી રાખ્યાં હતાં, ટેન કલરની લેધર બૅગ એના ખભે ઝૂલી રહી હતી. એ છોકરી પ્રમાણમાં સ્થિરતાથી પણ ધીમે-ધીમે ડગલાં ભરતી આગળ વધી રહી હતી.

કોણ જાણે શાની શોધ હતી એ છોકરીની આંખોમાં? કોણ જાણે શું જોઈતું હતું એને? કોણ જાણે કઈ ઉદાસી એને ઘેરી વળી હતી?

એ છોકરી ધીરે-ધીરે ચાલતી એક ટ્યૂબ રેલવેના સ્ટેશન તરફ સબ-વેમાંથી દાખલ થઈ. સ્ટેશન પર જઈને ઊભી રહી. આ બધી જ પ્રવૃત્તિ દરમિયાન એની અંદર સતત એક ગડમથલ ચાલતી રહી. કંઈ કેટલાય ચહેરાઓ એના માનસપટ પર ઊભરાયા અને પીગળીને જાણે વહી ગયા.

બારેક વર્ષના એક છોકરાનો ચહેરો જે એની તરફ આશાથી જોઈ રહ્યો હતો, ૧૪-૧૫ની એક છોકરી જે થોડી તોછડી અને નખરાળી હતી, એ છોકરીની આંખોમાં ઈર્ષામિશ્રિત કુતૂહલ હતું, ચહેરા પર એક સ્મિત જેમાં દોસ્તી ઓછી ઉપાલંભ વધારે હતો. એ ચહેરા પીગળ્યા અને સાડી પહેરેલી પેલી છોકરીના માનસપટ પર એક સ્ત્રીનો ચહેરો આવીને ગોઠવાઈ ગયો. એક ઠસ્સાદાર જાજરમાન સ્ત્રીનો ચહેરો જેના વાળ સફાઈબંધ રીતે ઓળેલા હતા. સાડીના પાલવને ખભે પાટલી વાળીને ચપોચપ એવી રીતે ગોઠવાયો હતો કે એક ઇંચ પણ આઘોપાછો થઈ ન શકે. એ સ્ત્રીની આંખોમાં કંઈક એવું હતું કે જે સામેની વ્યક્તિને એના સુધી પહોંચતાં રોકતું હતું. એનો ઠસ્સો, એનું વ્યક્તિત્વ અને એની આખેઆખી બૉડી-લૅન્ગ્વેજ જાણે સામેની વ્યક્તિને ઝાંખી પાડી દેવા, દબાવી દેવા બે ડગલાં પાછળ હટાવી દેવા માટે જ સર્જાઈ હતી.

એ સ્ત્રી જાણે આ છોકરીને જાણે કહી રહી હતી, "હવે તારું અહીંયાં કોઈ નથી, આ ઘરની એક-એક દીવાલ અહીંની ફર્શ, અહીંનું વાતાવરણ, અહીંનો બગીચો, અહીંના રંગો અને અહીંનું આકાશ સુધ્ધાં હવે મારું કહ્યું માનશે." એવું કહીને જાણે એ સ્ત્રીનો ચહેરો પેલી છોકરીના માનસપટ ઉપર ખડખડાટ હસતો વધુ ને વધુ મોટો થવા લાગ્યો.

પેલી છોકરીએ પોતાની મોટી-મોટી કાળી આંખો મીંચીને માથું એવી રીતે હલાવ્યું કે જાણે વિચારોને ખંખેરી નાખવા માગતી હોય, પણ વિચારો કોઈ રીતે ખંખેરાતા નહોતા.

આંખો મીંચીને એ છોકરીએ દાંત એવી રીતે ભીંસ્યા કે જાણે પેલી સ્ત્રીને કહેતી હોય, "જાવ... જાવ મારા વિચારોમાંથી..."

છોકરીની વાત જાણે એના સુધી પહોંચી હોય એમ માનસપટ પરથી

પેલી સ્ત્રીનો ચહેરો હળવે-હળવે જાણે ઓઝલ થઈ ગયો હતો અને છોકરીના માનસપટ ઉપર એક બીજો વહાલસોયો પુરુષનો ચહેરો ઊભરાયો. આછા-આછા સફેદ વાળ, આંખોમાં વાત્સલ્ય, ચહેરા પર એક પ્રકારની મમતા... ખભે ગમછો નાખેલો એ ચહેરો જાણે આંખોથી, સ્મિતથી ચહેરાના એક-એક હાવભાવથી આ છોકરીને વહાલ કરી રહ્યો હતો.

સ્ટેશન પર ટ્રેન આવી. એના દરવાજા ખૂલ્યા, પણ વિચારોમાં ડૂબેલી પેલી છોકરી ત્યાં જ ઊભી રહી ગઈ. દરવાજા ઑટોમૅટિક જ બંધ થઈ ગયા અને ટ્રેન ચાલી ગઈ.

ધડધડાટ પસાર થતી ટ્રેનનો અવાજ સાંભળ્યો ત્યારે પેલી છોકરીને ખ્યાલ આવ્યો કે ટ્રેન ચાલી ગઈ! એણે ફરી એક વાર વિચારોને ખંખેરવાનો પ્રયાસ કર્યો, પરંતુ આજે જાણે એના વિચારો એનો પીછો છોડતા જ નહોતા. કંઈ કેટલાય ચહેરા વારાફરતી એના મનનો કબજો લઈ રહ્યા હતા અને પેલી છોકરી નિઃસહાય જેવી વિચારોના ઉતાર-ચડાવ વચ્ચે ફંગોળાતી, અથડાતી, ફેંકાતી જાતને બચાવવાનો વ્યર્થ પ્રયાસ કરતી, આંખોમાં આંસુ સાથે નેક્સ્ટ ટ્રેનની રાહ જોવા લાગી.

પાછળ એક ખાલી બેન્ચ જોઈને એ ત્યાં બેસી ગઈ. કશું જ કામ કર્યા વિના આજે જાણે એને થાક લાગ્યો હતો.

એક વાર એને વિચાર આવ્યો કે 'પાછી જાઉં, વિચારોની આ સફર આટલી દુઃખદાયક છે તો ખરેખર ફરી એક વાર ભૂતકાળમાં પ્રવેશવાનો પ્રયાસ કેટલી તકલીફ આપશે!'

પણ એણે મન મક્કમ કર્યું, ખભા પરની સુતરાઉ સાડીનો પાલવ જરા ફરી એક વાર સરખો કર્યો, આગળ આવી ગયેલી વાળની લટને પાછળ ધકેલી અને શરીર ઢીલું છોડીને બેન્ચના ટેકે માથું મૂકીને આંખ મીંચી દીધી.

એક ચહેરો જેને જોવાનું એ ગઈ કાલ રાતથી ટાળતી હતી એ ચહેરો આંખ બંધ થતાં જ આંખ સામે ઊભરાઈ આવ્યો.

ગઈ કાલે રાત્રે એના બાળપણના મિત્ર સત્યજિતનો ફોન આવ્યો, ત્યારથી શરૂ કરીને આ પળ સુધી એણે એ ચહેરા વિશે વિચારવાનું ટાળ્યું હતું.

અથાગ પ્રયત્ન કર્યો હતો કે એ ચહેરો કોઈ રીતે પોતાની આંખ સામે ના આવે. રાત્રે ઊંઘમાં પણ જાણે એ ચહેરો આંખ સામે ન આવે એવી એણે મનોમન ગાંઠ વાળી હતી, પણ એવું થઈ શક્યું નહોતું!

સત્યજિતનો ફોન આવ્યા પછી પ્રત્યેક પળે, પ્રત્યેક મિનિટે અને પ્રત્યેક કલાકે એના મનમાં એક જ ચહેરો ઝળક્યા કર્યો હતો. એક જ વિચારે જાણે એને બાંધી લીધી હતી, એક જ નામ જાણે રહી-રહીને એને સંભળાતું, પડઘાતું હતું.

અને જેટલી વાર એ ચહેરાનો આભાસ પણ થતો, એ વિચાર આવતો કે એ નામ યાદ આવતું એટલી વાર જાણે શરીરની આરપાર કશુંક છેદીને, વીંધીને નીકળી જતું. જૂના કેટલાય ઉઝરડા ફરી ચચરવા લાગતા. જૂના કેટલાય ઘામાંથી ફરી લોહી ઝમવા લાગતું!

ગમે તેટલો પ્રયાસ કરવા છતાં એ પોતાની જાતને રોકી શકી નહોતી.

એણે નક્કી કર્યું હતું કે એ સત્યજિતને નહીં મળે. ગઈ કાલે એણે રાત્રે સત્યજિતને કહી જ દીધું હતું, “મને નહીં ફાવે, હું નહીં મળું તને, આઇ ઍમ સૉરી!”

પણ આખી રાતના આ અજંપ ઉજાગરા પછી એણે સત્યજિતને સામેથી ફોન કર્યો હતો અને કહ્યું હતું, “તું મળીશ મને? મારે મળવું છે તને...”

અત્યારે એ એક દાયકા પછી પોતાના દેશના, પોતાના શહેરના, પોતાના બાળપણના એક એવા ટુકડાને મળવા જઈ રહી હતી, જેને એણે વર્ષોથી વિસારે પાડી દીધો હતો. છેલ્લા એક દાયકામાં ક્યારેય એણે પોતાના દેશનો, પોતાના ઘરનો, પોતાના કુટુંબનો કે બાળપણનો વિચાર સુધ્ધાં નહોતો કર્યો. ક્યારેક એ વિચાર આવ્યો પણ હશે તો એને બળપૂર્વક હડસેલ્યો હતો.

એને જાણે એ બધા સાથે કોઈ નિસબત જ નહોતી, આ છેલ્લાં દસ વર્ષ દરમિયાન એ બધું જ ભૂલી ગઈ હતી.